
ગાંધીનગર સમાચાર

# પેટ્રોલ-ડિઝલની કિંમતમાં ૨ રૂપિયાનો ઘટાડો



## વેટ અને સેલ ટેક્સ સિવાયનો ઘટાડો જાહેર : ગુજરાતમાં વેટની સાથે જ ઘટાડો વધારે રહેશે : નવા રેટ તરત જ અમલી બનાવાયા

નવી દિલ્હી,તા. ૧૫

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે લિટર દિઠ રૂપિયો બેનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતો પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચતા સામાન્ય લોકોને પણ મોટી રાહત આપી દેવામાં આવી છે. ગઈકાલથી જ એમ માનવામાં આવતું હતું કે, ભાવમાં ઘટાડો કરવામાં આવશે. ઓગસ્ટ મહિના બાદથી પેટ્રોલની કિંમતમાં આઠમી વખત ઘટાડો કરવામાં આવ્યો છે જ્યારે ઓક્ટોબર બાદથી ચોથી વખત ઘટાડો ડિઝલમાં કરવામાં આવ્યો છે. નવા રેટ તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવાયા છે. જુદા જુદા રાજ્યોમાં રેટમાં ઘટાડો જુદો જુદો રહેશે. કારણકે લોકલ સેલ ટેક્સ અને વેટ પણ લાગુ પડે છે.

સોમવારના ઘટાડાની સાથે જ ઓગસ્ટ મહિના બાદથી પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ ૧૨.૨૭નો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. ડિઝલની કિંમતમાં ૧૯મી ઓક્ટોબરના દિવસે પાંચ વર્ષથી પણ વધુ સમયગાળા બાદ પ્રથમ વખત ઘટાડો કરાયો હતો. તે વખતે સરકારે ડિઝલની કિંમતને અંકુશમુક્ત બનાવી દીધી હતી. ત્યારબાદ પહેલી નવેમ્બરના દિવસે લિટર દીઠ ૨.૨૫નો અને પહેલી ડિસેમ્બરના દિવસે ૮૪ પૈસાનો ઘટાડો કરાયો હતો.

ચાર વખત કરાયેલા ઘટાડામાં ડિઝલની કિંમતમાં ૮.૪૬ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. ૧૫મી નવેમ્બરના દિવસે પણ ઘટાડો કરવામાં આવનાર હતો પરંતુ સરકારે લિટર દીઠ પેટ્રોલ અને ડિઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં ૧.૫૦નો વધારો કરી દીધો હતો. બે વખત એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરાયા બાદ સરકારે તેની રેવન્યુમાં આ વર્ષે ૧૦૬૦૦ કરોડનો વધારો કર્યો હતો.

## હ્યુન્ડાઈ ૨૫ હજાર સુધી કારની કિંમતને વધારશે

નવી દિલ્હી,,તા. ૧૫

મહાકાય કાર કંપની હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાએ તેની સમગ્ર પ્રોડક્ટની રેન્જમાં પાંચ હજારથી લઈને ૨૫ હજાર સુધીનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે કિંમતોમાં વધારો કરવાનો નિર્ણય કરાયો છે. હ્યુન્ડાઈને ભારતમાં સૌથી મોટી બીજી કાર બનાવતી કંપની તરીકે



ગણવામાં આવે છે. તે હાલમાં ભારતીય બજારોમાં ૧૦ મોડલોનું વેચાણ કરે છે. એક નિવેદનમાં હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિમિટેડના સિનીયર ઉપપ્રમુખ, વેચાણ અને માર્કેટિંગ રાકેશ શ્રીવાસ્તવે કહ્યું છે કે, બજારની પ્રવર્તમાન પ્રતિકૂળ સ્થિતિના પરિણામ સ્વરૂપે કિંમતોમાં વધારો કરાઈ રહ્યો છે. ઉત્પાદન ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. તેમણે કહ્યું હતું કે, કંપની મોટાભાગના ખર્ચને ઉપાડવા માટે તૈયાર છે પરંતુ તમામ મોડલોને આંશિક વધારો સામાન્ય લોકો પર પણ લદાશે. કંપનીની એન્ટ્રી લેવલની કોમ્પેક કાર ઈયોનની કિંમત ૨.૮૭ લાખથી ૩.૮૯ લાખ વચ્ચેની છે. જ્યારે મોંઘી સ્પોર્ટ્સ યુટિલીટી સેન્ટા ફીની કિંમત ૨૫.૬૦ લાખથી ૨૮.૪૧ લાખ વચ્ચેની છે. સેન્ટરો, આઈ-૧૦, આઈ-૨૦, એક્સેન્ટ, વર્ના, ઈલેન્ટ્રા અને સોનાટા જેવા મોડલ પણ રહેલા છે.હાલમાં મોટાભાગની કાર કંપની કિંમતો વધારનાર છે.

## એલપીજી સબ્સિડી મેળવવા માટે આધાર ફરજિયાત નથી : કેન્દ્ર

નવી દિલ્હી,તા.૧૫

સરકારે આજે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે, એલપીજી સીલીન્ડરની સબ્સિડીની રકમના ટ્રાન્સફર માટે આધાર નંબર ફરજીયાત નથી. એલપીજી સબ્સિડી માટે કેટલીક ગુંચવણને સરકારે આજે દૂર કરી હતી. સરકારે કહ્યું હતું કે, બેંક એકાઉન્ટ નંબરથી પણ કામ ચાલી શકશે. બેંક એકાઉન્ટ નંબરના વિકલ્પમાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર થઈ શકશે. પેટ્રોલીયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને લોકસભામાં માહિતી આપતા કહ્યું હતું કે, ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર ઓફ એલપીજી (ડીબીટીએલ) હેઠળ એલપીજીના ગ્રાહકો આ સ્કિમમાં જોડાઈ રહ્યા છે. એલપીજીના સિલિન્ડરો મેળવવા કેટલીક દુવિધાઓ રહેલી છે. માર્કેટ કિંમતે અને સબ્સિડીની રકમમાં હાલ એલપીજી સિલિન્ડર આપવામાં આવે છે. દરેક સબ્સિડીવાળા સિલિન્ડર માટે સબ્સિડીની રકમ બેંકખાતામાં પણ જમા કરી શકાશે. પ્રશ્નકલાક દરમિયાન પ્રધાને કહ્યું હતું કે, સ્કિમમાં સામેલ થયા બાદ દરેક એલપીજીના ગ્રાહકને રોકડ સબ્સિડી મળી રહી છે. સબ્સિડી દરેક સિલિન્ડર ઉપર અલગ રીતે લાયક પાત્ર છે. પ્રધાને એમપણ કહ્યું હતું કે, ગ્રાહકો પાસે આ સ્કિમ હેઠળ સબ્સિડી મેળવવા માટે બે વિકલ્પ રહેલા છે. જ્યાં આધાર નંબર ઉપલબ્ધ છે ત્યાં રોકડ ટ્રાન્સફરના માધ્યમને અમલી બનાવાશે જેથી આધાર નંબર ધરાવનાર એલપીજી ગ્રાહકને બેંક ખાતા નંબર સાથે જોડવામાં આવનાર છે. એલપીજી ગ્રાહક નંબરને પણ જોડવામાં આવનાર છે. જો એલપીજી ગ્રાહક પાસે આધાર નંબર નથી તો તે આધાર નંબરનો ઉપયોગ કર્યા વગર સીધા તેના બેંક ખાતામાં સબ્સિડીની રકમ મેળવી શકે છે. આ વિકલ્પ હેઠળ સુધારવામાં આવેલી સ્કીમ રજુ કરાઈ છે. જેનો હેતુ એ છે કે, આધાર નંબર નહીં હોવાની સ્થિતિમાં એલપીજીના ગ્રાહકો સબ્સિડીથી વંચિત ન રહે. પ્રધાને કહ્યું હતું કે, તમામ એલપીજી ગ્રાહકો પાસે જિલ્લાઓમાં ડીબીટીએલના લોન્ચની તારીખથી ત્રણ મહિનાનો મુક્તિનો ગાળો રહેશે જે દરમિયાન સ્કિમમાં સામેલ નહીં થયેલા લોકોને તેમના અધિકાર મુજબ સબ્સિડીના સિલિન્ડર મળશે પરંતુ રાહતનો ગાળો પુરો થઈ ગયા બાદ વધારાનો ત્રણ મહિનાનો સમય આપવામાં આવશે. ગ્રાહકોને આ ગાળા દરમિયાન સબ્સિડીની રકમ મળશે. પાર્કિંગ પીરિયડ દરમિયાન પણ સ્કિમમાં સામેલ નહીં થનાર ગ્રાહકોને મુશ્કેલ થશે અને આ લોકોને ફંડ મળશે નહીં. જેથી સિલિન્ડરોને ખરીદી માર્કેટ કિંમતે કરવી પડશે. પ્રધાનની સ્પષ્ટતાને લઈને આજે ઘણી મુંઝવણો દૂર થઈ હતી.

## ગુગલ દ્વારા એક વિદ્યાર્થીને ૧.૭ કરોડની ઓફર કરાઈ

ઈન્દોર,તા. ૧૫

આઈઆઈટી-ઈન્દોરના વિદ્યાર્થીને મહાકાય કંપની ગુગલ તરફથી ૧.૭ કરોડની જોબ ઓફર કરવામાં આવી છે. પ્લેસમેન્ટની સિઝનમાં છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં સૌથી જંગી પગાર પેકેજની ઓફર મેળવનાર આ વિદ્યાર્થી બની ગયો છે. આઈઆઈટી ઈન્દોરના ગૌરવ અગ્રવાલે બાજી મારી છે. તે મૂળભૂતરીતે છત્તિસગઢમાં ભિલાઈનો નિવાસી છે. આઈઆઈટી-બીએચયુના વિદ્યાર્થીને ઓરાકલ તરફથી ૨.૦૩ કરોડની ઓફર કરવામાં આવી ચુકી છે. જ્યારે આઈઆઈટી બોમ્બની વિદ્યાર્થીનીએ સોશિયલ નેટવર્કિંગ સાઈટ ફેસબુક તરફથી બે કરોડની ઓફર મળી ચુકી છે. તાજેતરના દિવસોમાં ભારતીય વિદ્યાર્થીઓ જંગી સફળતા મેળવી રહ્યા છે. પ્લેસમેન્ટની સિઝનમાં ભારતીય વિદ્યાર્થીઓ પર વિશ્વની મહાકાય કંપનીઓ પસંદગી ઉતારી રહી છે. આના માટે કેટલાક દેખીતા કારણ રહેલા છે. એક કારણ છે એ છે કે તેમની ભાષાને લઈને કોઈ દુવિધા રહી નથી. ગૌરવ અગ્રવાલે માહિતી આપતા કહ્યું છે કે તેની જોઈનિંગ ડેટ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. પરંતુ ટુંક સમયમાં જ આની જાહેરાત કરવામા આવનાર છે. અમને કહેવામાં આવ્યું હતું કે ગુગલ દ્વારા ઓનલાઈન ટેસ્ટ લેવામાં આવે છે. જેથી ટેસ્ટ આપવાનો નિર્ણય કર્યો હતો. કેટલાક ઉમેદવારોની પસંદગી કરવામાં આવ્યા બાદ અમને ગુરગાવ ખાતે એક સાઈટ પર ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ બેંગલોરમાં વધુ એક ઈન્ટરવ્યુનો દોર થયો હતો. પ્રોગ્રામિંગ માળખાને લઈને પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અમેરિકામાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે સામેલ થવા માટે ઓફર લેટર આપવામાં આવ્યો હોવાનો દાવો અગ્રવાલે કરી ખુશી વ્યક્ત કરી હતી.

## ધર્માંતરણ વિવાદ : ઘર વાપસી સામે વિરોધ હોવો જોઈએ નહીં

લખનૌ,તા.૧૫

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી સરકારે અલીગઢમાં આરએસએસનો ટેકો ધરાવનાર ધર્મજાગરણ મંચના વિવાદાસ્પદ સામુહિક ધર્માંતરણ કાર્યક્રમને પરવાનગી આપવાનો ઈન્કાર કરી દીધા બાદ ભાજપના સાંસદ યોગી આદિત્યનાથ લડાયક દેખાઈ રહ્યા છે. યોગી આદિત્યનાથે આજે કહ્યું હતું કે, ઘર વાપસી કાર્યક્રમને મંજુરી આપવી જોઈએ. ૨૫મી ડિસેમ્બરના દિવસે અલીગઢમાં આ કાર્યક્રમ યોજાનાર છે. પરંતુ અખિલેશ સરકારે આને પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો છે અને શહેરમાં પ્રતિબંધાત્મક આદેશો લાગુ કર્યા છે. ભાજપના સાંસદ યોગી આદિત્યનાથે કહ્યું છે કે, આયોજકોને સુચિત કાર્યક્રમોને યોજવાની મંજુરી મળવી જોઈએ. પત્રકારો સાથેની વાતચીતમાં ગોરખપુરના ભાજપ સાંસદે કહ્યું હતું કે, જો હિન્દુને ભૂતકાળમાં કેટલાક કારણોસર ધર્માંતરણ કરવામાં આવી ચુક્યા છે તો ઘર વાપસીને પણ મંજુરી આપવી જોઈએ. આદિત્યનાથે આજે કહ્યું હતું કે, જો લોકોને ઈચ્છાથી ફરી હિંદુવાદમાં લાવામાં આવે છે તો આમાં કંઈ જ ખોટું નથી. તેમણે એમપણ કહ્યું હતું કે, જો સ્વૈચ્છિકરીતે ઘર વાપસી કરે છે તો તેમાં કોઈને અડચણ હોવી જોઈએ નહીં. અન્ય જાતિઓમાં ભૂતકાળમાં મોટાપાયે ધર્માંતરણ થઈ ચુક્યા છે. આના માટે દબાણ અને દહેશત પણ હતી. વૈશાલી જિલ્લામાં એક કાર્યક્રમમાં તેમણે આ મુજબની વાત કરી હતી. ગોરખપુરના આ સાંસદે બિનહિંદુ લોકોની ઘર વાપસીનો વિરોધ કરી રહેલા લોકોને બિનસાંપ્રદાયિકવાદના ઢોંગી તરીકે ગણાવ્યા હતા અને કહ્યું હતું કે, ઉત્તરપૂર્વમાં અન્ય ધર્મમાં હિંદુ લોકોના ધર્માંતરણ મુદ્દે તેમનું વલણ શું છે તે અંગે ખુલાસો કરે તે જરૂરી છે. તેમણે એમપણ કહ્યું હતું કે દેશમાં ધર્માંતરણ વિરોધી મજબુત કાયદાની જરૂર છે. ભાજપના સાંસદના નિવેદનને ખૂબ ઉપયોગી ગણવામાં આવે છે.

**૯મી ફેબ્રુઆરીએ મામલામાં સુનાવણી**

## આશુતોષ અંતિમવિધી કેસમાં સુનાવણી મોકુફ

ચંદીગઢ,તા.૧૫

આશુતોષ મહારાજના અંતિમ સંસ્કાર વિવાદ મામલામાં સુનાવણી ૯મી ફેબ્રુઆરી સુધી મોકુફ કરી દેવામાં આવી છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે દિવ્યજ્યોતિ જાગૃતિ સંસ્થાન દ્વારા રજુ કરવામાં આવેલી અરજી ઉપર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ સંસ્થાને આશુતોષ મહારાજના અંતિમ સંસ્કાર કરવા કોર્ટ દ્વારા આપવામા આવેલી મહેતલના સંદર્ભમાં રજુઆત કરી હતી. આશુતોષ મહારાજને ૨૯મી જાન્યુઆરીના દિવસે મૃત જાહેર કરાયા હતા. આજની સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે, જુદી-જુદી પાર્ટીઓ દ્વારા દાખલ કરવામાં આવેલા તમામ ત્રણ કેસોની સુનાવણી માટે હાથ ધરવામાં આવનાર છે. હાઈકોર્ટે ઠેરવ્યું હતું કે, આશુતોષ મહારાજના મૃતદેહને ફ્રિજરમાં રાખવામાં આવશે. ૯મી ફેબ્રુઆરી સુધી કેસમાં આગામી સુનાવણી હાથ ધરાશે ત્યાં સુધી અંતિમ સંસ્કાર કરાશે નહીં. હાઈકોર્ટ અગાઉ દિવ્યજ્યોતિ જાગૃતિ સંસ્થાન દ્વારા રજુ કરાયેલી અરજી પર ચુકાદો અનામત રાખ્યો હતો. ૨૯મી જાન્યુઆરીએ ગયા વર્ષે આશ્રમના તબીબોએ આશુતોષને ક્લિનીકલી રીતે મૃત જાહેર કરાયા હતા.

### વિચારયાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

પોતાનાં નાટકોને સરાહના મળતી હતી એ સાથે સૌમ્યને પ્રોફેસર તરીકેની જિંદગી વધુ કંટાળાભરી લાગવા માંડી હતી. તેમણે વેલકમ જિંદગી નાટક લખવાનું શરૂ કર્યુ. એ વખતે (કે બીજા કોઈ પણ નાટક વખતેય) તેમણે એવું નહોતું વિચાર્યુ કે પ્રેક્ષકોને ગમે એટલે નાટકમાં જોક્સ નાખવા જોઈએ. તેમણે એ લખ્યા પછી પ્રોડ્યુસર્સનો સંપર્ક કર્યો અને ૨૦૧૦માં વેલકમ જિંદગી નાટક ઉમેશ શુક્લ, હેમલ ઠક્કર અને ભરત ઠક્કરે પ્રોડ્યુસ કર્યું. તેજપાલ હોલમાં એ નાટકનો પહેલો શો થયો અને પ્રેક્ષકોએ સ્ટેન્ડિંગ ઓવેશન સાથે જબરદસ્ત પ્રતિસાદ આપ્યો. જોખમી વિષય સાથે અને જાણીતા કલાકારો વિના એ નાટકનું જોખમ તેમણે અને નિર્માતાઓએ ઉઠાવ્યું. સૌમ્ય જોશીએ (હવે તેમનાં લાઈફ પાર્ટનર બનેલા) જિજ્ઞા વ્યાસ સાથે એ નાટકમાં અફલાતૂન અભિનય કર્યો. એ નાટકના ત્રીજા કલાકાર અભિનય બેન્કરનો અભિનય પણ ખૂબ વખણાયો.

૨૦૧૦માં પહેલા કમર્શિયલ નાટક સાથે રંગભૂમિમાં તરેલા સૌમ્ય જોશીએ ૨૦૧૦ના વર્ષમાં જ મિત્રોની સલાહ અવગણીને પ્રોફેસર તરીકેની તગડા પગારની નોકરી મૂકી દીધી. વેલકમ જિંદગી ના ચારસો જેટલા શો થયા અને એ પછી ૧૦૨ નોટ આઉટ નાટક આવ્યું, એના પણ સાડાત્રણસો જેટલા શો થયા.

સૌમ્ય જોશીના ૧૦૨ નોટ આઉટ નાટક પરથી દિગ્દર્શક ઉમેશ શુક્લ અમિતાભ બચ્ચન અને પરેશ રાવલને લઈને ફિલ્મ બનાવી રહ્યા છે. સૌમ્યએ અમિતાભ બચ્ચન સાથે સાડાત્રણ કલાક બેસીને એ ફિલ્મ માટે નરેશન આપ્યું ત્યારે તેમને ખૂબ સંતોષ થયો. પ્રોફેસર તરીકે સલામતીવાળી જિંદગીને કોરાણે મૂકીને પોતાને ગમતી જિંદગી જીવવા જોખમ ઉઠાવનારા સૌમ્ય જોશીને પોતાની જિંદગીમાં સંતોષ છે. પોતાને ગમતી જિંદગી જીવવા માટે જોખમ ઉઠાવવાની તૈયારી હોય તો સફળતાની સાથે સંતોષ અને સુખ પણ મળી શકે છે એનો પુરાવો સૌમ્ય જોશી છે.

## ઓસ્ટ્રેલિયામાં બાન કટોકટીને લઈ ચિંતાનું મોજું

સિડની, તા.૧૫

સિડનીમાં હાલમાં જે લોકોને ચોકલેટ કાફેમાં આતંકવાદીઓ દ્વારા બંધક બનાવવામાં આવ્યા છે તેનું સંકટ ઘણા દિવસો સુધી ખેંચાઈ શકે છે. ઓસ્ટ્રેલિયાના એનએસડબલ્યુ રાજયના પોલીસ કમિશનર સિપિયોને એવો સંકેત આપ્યો છે કે હાલમાં આ ઓપરેશનમાં ઘણા ઓફિસરોનો લગાવવામાં આવ્યા છે પરંતુ જો આ સંકટ વધુ દિવસ ચાલશે તો વધુ પોલીસ ઓફિસરોને ઓપરેશનમાં જોડવા પડશે. આ જાણકારી ઓસ્ટ્રેલિયાની એક વેબ સાઈટ દ્વારા આપવામાં આવી છે.




ઉલ્લેખનીય છે કે ઓસ્ટ્રેલિયાના સિડનીમાં બંદૂકધારીઓ દ્વારા બંધક બનાવવામાં આવેલ લગભગ ૪૦ લોકોમાંથી પાંચ લોકોને બહાર નિકાળવામાં આવ્યા છે બંધકોમાં એક ભારતીય છે અને ભારતીય ટોપ આઈટી કંપની ઈન્ફોસીસે કહ્યું છે તેમ તેમની એક કર્મચારી આ બંધકોમાં સામેલ છે. ભારતીય ઉચ્ચ આયોગ હાલમાં આની તપાસ કરી રહ્યું છે.

ઓસ્ટ્રેલિયાના શહેર સિડનીમાં માર્ટિન પ્લેસ નામની જગ્યા પર આવલ એક ચોકલેટ કાફેમાં બંદુક ધારી લોકોએ ૪૦ જેટલા લોકોને બંધક બનાવી દીધા છે. બંદુકધારીઓએ મહિલાને ઢાલ બનાવી રાખી છે. બંધક લોકોની સંખ્યા વધારે પણ હોઈ શકે છે. પરિસ્થિતિને સાચવવા માટે પોલીસે તે સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે.

ઓસ્ટ્રેલિયામાં આઈબી અને રોની બેઠક પણ બોલાવવામાં આવી છે. લોકોને સુરક્ષાને ધ્યાને રખીને ભારતીય કાઉન્સેલેટની ઓફિસ બંધ કરાવી દેવામાં આવી છે. તે આ કેફે કરતા ૪૦૦ કિમી દૂર છે. વડાપ્રધાન મોદીએ ટિવટ કરીને આ ઘટનાને દુર્ભાગ્ય પૂર્ણ ગણાવી છે.

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન ટોની એબોટે જણાવ્યું છે કે તેમણે ન્યુ સાઉથ વેલ્સના પ્રીમિયર માઈક બેયર્ડ સાથે વાત કરી છે અને તેમને જોઈતી દરેક મદદ કરવાનો વિશ્વાસ આપ્યો છે. આ કેફેની બારીઓ પર અમુક જગ્યાએ કાળા ધ્વજ ફરકાવવામાં આવ્યા છે. આ ધ્વજ પર અરબી ભાષામાં કંઈક લખ્યું છે. સૌથી મોટા આતંકવાદી સંગઠન આઈએસઆઈએસનો ધ્વજ પણ આ પ્રમાણેનો બ્લેક જ છે. આતંકવાદીઓએ બંધકોને ઈસ્લામિક ઝંડો પકડવા માટે મજબૂર કર્યા છે. આ કેફેની આસપાસનો વિસ્તાર અને બિલ્ડીંગો ખાલી કરાવવામાં આવ્યા છે.

### હરિયાળું હરણોદ્યાન (પાના નં. ૪ નું ચાલુ)

તેના માથું અને પુંછડી મોટાં હોય છે. આમ તો આપણા દેશમાં દીપડાની ચાર જેટલી પ્રજાતિઓ છે. તેમાં આપણે ત્યાં જોવા મળતો દીપડો ખુબ સુંદર છે. તેની સોનેરી રંગની ચામડી પર કાળા રંગના ઝુમખાં જેવા ગોળાકાર પોલાં ટપકાં હોય છે. નાના કાળા ટપકાંવાળું માથું અને મજબૂત જડબાં હોય છે. તેની પૂંછડી લાંબી અને છેડા પર કાળા રંગના રિંગ જેવા પટ્ટા હોય છે.'

'સર, આ દીપડીને તમે ક્યાં મુકશો?'

'અમે તેના માટે પાંજરુ બનાવીશું. પણ એ ન બને ત્યાં સુધી અમારી પાસે એક દીપડો છે. તેના પાંજરાનાં અડધા ભાગમાં રાખવાની વ્યવસ્થા કરીશું.'

'એ તો સરસ બંનેની જોડી જામી જશે?' વનરક્ષકે ખુશ થતાં કહ્યું.

'એવું થાય તો સારું પણ ક્યાં તમારી આ જંગલની ખુંખાર દીપડી અને ક્યાં દીપડો જિમ્મી.'

'કેમ સર એ ખુંખાર નથી?'

'ના, એ નાનો હતો ત્યારથી અહીં રહે છે. તેથી માણસો સાથે હળી ગયો છે. વળી તેણે તો જંગલ જોયું જ નથી.' મેં ચોખવટ કરી.

'જિમ્મી અહીં કઈ રીતે આવ્યો?' જિજ્ઞાસાથી પેલા વનરક્ષકે પુછ્યું.

'હું અહીં આવ્યો એ પહેલાં નો તે અહીં આવેલો છે. દાંતા અંબાજી વિસ્તારના જંગલમાં નવજાત શિશુ બચ્ચું મળેલું આ દીપડાની જેમ તેની માં પણ તેને શોધતી હશે એમ માની ને વન વિભાગના આપણા માણસોએ ઘણા દિવસ સુધી દીપડાની રાહ જોયેલી. બચ્ચાને ત્યાં છૂટું મુકતા એ દૂર રહી ધ્યાન રાખતાં. પણ તેની માં આવી નહીં તેથી છેવટે તેને અહીં મુકી ગયા.'

'કદાચ એની માં નો શિકાર પણ થઈ ગયો હોય?'

'એ શક્યતા ખરી, પણ ચોક્કસ કંઈ જાણવા મળેલ નથી. પછી તો આ જિમ્મી અમારા હરણોદ્યાનનું આકર્ષણ અને લાડકું સંતાન બની ગયો છે.'

'સર, મેં તો સાંભળ્યું છે કે ઘણા દીપડા માણસુડા અને પ્રાણીઓ સાથે પણ ખુબ હળીમળી જતા હોય છે. તમે દેવગઢ બારીયા સાઈડમાં એક ઘર પાસે ઢોરની ગમાણમાં ગાય સાથે રહેતા દીપડાનો ફોટો કદાચ જોયો હશે?'

'હાં, જોયો છે. છતાં હિંસક પ્રાણી ક્યારેક હુમલો કરી બેસે એ નક્કી ન હોય. સાવચેતી રાખવી સારી.' મેં કહ્યું.

વાતો કરતાં અમે જીમ્મીના પાંજરા પાસે આવી ગાય. ટ્રક પર બીજા છેડે આવીને ઊભી હતી. અને પાર્કના વાઈલ્ડ લાઈફ પાર્ક કીપર રસીકભાઈ આ દીપડીને કઈ રીતે પાંજરામાં લેવી એની તેની ગડમથલમાં લાગી ગયા હતા.

ઘણા દિવસ સુધી ખુંખાર વનની વીરાંગનાને મનાવવા જીમ્મીએ કોશીશ કરી પણ તેણે તો અન્ન જળનો ત્યાગ કરી દીધેલો. છેવટે એ એક દિવસ આ પીંજરની દુનિયા છોડીને કાયમ માટે મુક્ત થઈ ગઈ ત્યારે અમારી આંખો આંસુથી ભીંજાઈ ગઈ હતી.

## આફ્રિકાની રોલિન સ્ટ્રોસે મિસ વર્લ્ડ ૨૦૧૪નો તાજ મેળવ્યો

લંડન,તા. ૧૫

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે મિસ વર્લ્ડ ઈવેન્ટમાં આખરે દક્ષિણ આફ્રિકાની બ્યુટીક્વીન રોલિન સ્ટ્રોસે બાજી મારી લીધી હતી. દુનિયાની તમામ ખુબસુરત પરીઓને પાછળ છોડીને રોલિન મિસ વર્લ્ડ ૨૦૧૪ સૌદર્ય સ્પર્ધાનો તાજ જીતી ગઈ હતી. રોલિન સ્ટ્રોસને મિસ વર્લ્ડનો તાજ વર્ષ ૨૦૧૩માં વિજેતા થયેલી મેગન યંગે પહેરાર્યો હતો. મોટી સંખ્યામાં લોકો પણ એ વખતે હાજર રહ્યા હતા. આ ઈવેન્ટને વિશ્વભરમાં કરોડો ચાહકોએ નિહાળી હતી.



આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં વિશ્વની ૧૨૧ સુન્દર પરીઓએ ભાગ લીધો હતો અને દરેક રાઉન્ડમાં જોરદાર સ્પર્ધા રહી હતી. મિસ વર્લ્ડના ઈતિહાસમાં ત્રીજી વખત કોઈ દક્ષિણ આફ્રિકન બ્યુટિએ આ તાજ જીત્યો હતો. ભારતની કોયલ રાણા અંતિમ પાંચમાં પણ સ્થાન મેળવી શકી ન હતી. જો કે અંતિમ ૧૧માં તે સ્થાન મેળવી લેવામાં સફળ રહી હતી. મિસ વર્લ્ડ ૨૦૧૪ની ફર્સ્ટ રનર અપ તરીકે હંગેરીની એડિના કલજાર જાહેર કરવામાં આવી હતી. જ્યારે સેકન્ડ રનર અપ તરીકે અમેરિકાની એલિઝાબેથ સૈફરીટ રહી હતી. આ કાર્યક્રમને લઈને છેલ્લા કેટલાક દિવસથી ભારે ઉત્સુકતા હતી. મિસ વર્લ્ડ ૨૦૧૪ની આ વખતે કેટલીક ખાસ વિશેષતા રહી હતી. ટેકનોલોજીના યુગમાં પ્રથમ વખત આ સ્પર્ધાનુ જીવંત પ્રસારણ સ્ટ્રીમિંગ મોબાઈલ, ટેબલેટ્સ અને ગેમ કન્સોલ પર કરવામાં આવ્યું હતુ. મિસ વર્લ્ડ એપ અને યુટ્યુબ મારફતે તેનુ પ્રસારણ કરવામાં આવ્યું હતું. ભારતની કોયલ રાણાને પહેલા હોટફેવરીટ ગણવામાં આવી રહી હતી. કારણ કે ભારતની અનેક સુન્દરીઓ આ સ્પર્ધા અગાઉ જીતી ચુકી છે. જેથી આ વખતે પણ આશા હતી. જો કે તે ફ્લોપ રહેતા ભારતીય લોકોને નિરાશા હાથ લાગી હતી. આફ્રિકન બ્યુટિવ સ્ટ્રોસે તમામને પ્રભાવિત કરીને બાજી મારી લીધી હતી. દરમિયાન લંડનના એક્સેલમાં રંગારંગ કાર્યક્રમ વચ્ચે વિજેતાની જાહેરાત કરવામાં આવી હતી. પરંપરાગતરીતે આ સ્પર્ધાં વિજેતા મીસ વર્લ્ડ અને મીસ યુનિવર્સમાં ભાગ લે છે. ભારતની કોયલ રાણાએ તમામને નિરાશ કર્યા હતા. જો કે શરૂઆતથી તેને ફેવરીટ તરીકે ગણવામાં આવતી હતી. દિલધડક, રોમાંચક અને રંગીન કાર્યક્રમમાં કલાકારોએ પર્ફોર્મ કરીને તમામના દિલ જીતી લીધા હતા.

### સમાચાર ઝલક

- વિમાનીમથક જેવી સુવિધા રેલવે સ્ટેશનો ઉપર શરૂ કરવાનું આયોજન.
- રાજકારણમાં આવવાની ભૂલ કરીશ નહિ : ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચન.
- ડોલર સામે રૂપિયો નબળો થયો.
- કોંગો વાયરસના લીધે ભૂજના દર્દીનું મોત : તંત્ર સાવધાન.
- જયપુર પાસે ગેસ ટેન્કરમાં આગથી ૧૦ લોકો ભડથું.
- પ્રેમલગ્નના સવા માસમાં દંપતીએ સજોડે ફાંસો ખાધો : રાજકોટમાં કરૂણાજનક બનાવ.
- પોરબંદરમાં ઓઈલવાળા પહેરેલા કપડા સાથે બીડી સળગાવતા મોત નીપજ્યું.
- છત્તીસગઢમાં ૩૩ ખ્રિસ્તીઓનું ધર્મ પરિવર્તન થતાં ભારે વિવાદ ઉભો થયો.
- ભારતમાં લાખો એન્જિનિયર હાલમાં કફોડી પરિસ્થિતિમાં.
- ૧ લાખ કે તેથી વધુની ખરીદી પર પાન-આધારકાર્ડ જરુરી બનશે.
- મંદીના સંકેત : રીઝર્વ બેંક વડાની ચેતવણી.
- બિહારમાં પતિની સળગતી ચિતા ઉપર મહિલા કૂદી - સતી બની.
- અમેરિકામાં પોલીસની રંગભેદી નીતિ સામે ઉગ્ર દેખાવો.
- ભગવદ્ ગીતા એ વૈશ્વિક ગ્રંથ છે : સાધ્વી ઋતંભરાજી.